સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)

ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫

ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫

www.spipa.gujarat.gov.in


# યુપીએસસી સીવીલ સર્વિસીઝ પ્રશિક્ષણ વર્ગ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પરીક્ષા બાબતની જરૂરી સૂચના

- સંસ્થા દ્વારા દર વર્ષે યુપીએસસી સીવીલ સર્વિસીઝ પ્રશિક્ષણ વર્ગમાં તાલીમ સારું પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે અને પ્રવેશ પરીક્ષાના બંને તબક્કામાં પાસ થયેલ ઉમેદવારોને મેરીટ મુજબ રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ સંસ્થા ખાતે પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ મેળવેલ ઉમેદવારોને સંસ્થા ખાતે વ્યાખ્યાન, લાયબ્રેરી અને રીડીંગરૂમની સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૦માં યુપીએસસી દ્વારા લેવાનાર પ્રિલિમ પરીક્ષા માટે હવે સંસ્થા ખાતે પ્રવેશપરીક્ષાનાં આયોજન બાદ શરૂ થનાર પ્રશિક્ષણ વર્ગમાં તાલીમ આપવામાં આવશે.
- પ્રશિક્ષણ વર્ગ ૨૦૧૯-૨૦ની પ્રવેશપરીક્ષાની જાહેરાત અંદાજિત માહે જૂન માસનાં અંતિમ સપ્તાહ/જુલાઈ માસમાં પ્રસિધ્ધ થશે. સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ઉક્ત જાહેરાત પ્રસિધ્ધ થયેથી તેની ઓનલાઈન અરજી https://ojas.gujarat.gov.in/ પર કરવાની રહેશે. તદ્દનવચે સંસ્થાની તેમજ ઓજસની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.
- સંસ્થા ખાતે હાલ તે અંગેના કોઈ ફોર્મ ભરવાના રહેતા નથી તેમજ તેની ઓફલાઈન અરજી પણ કરવાની રહેતી નથી. પ્રવેશ પરીક્ષા માટે માત્ર ઓનલાઈન અરજી https://ojas.gujarat.gov.in/ પર જ કરવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કર્યેથી તેની બે તબક્કામાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. પ્રથમ તબક્કાની પરીક્ષા અંદાજિત ઓગસ્ટ/સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન લેવામાં આવશે. સંસ્થાની પ્રવેશ પરીક્ષાનો પ્રથમ તબક્કો સંપૂર્ણ MCQ Based (Objective Test) રહેશે અને પ્રશ્નપત્રના ચાર વિકલ્પ પૈકી તેનો જવાબ પસંદ કરી OMR Sheet માં આપવાનો રહેશે.

- પ્રથમ તબક્કામાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોને દ્વિત્તિય તબક્કાની નિબંધ કસોટી (Descriptive Test)માટે આમંત્રિત કરવામાં આવશે.
- આમ, બંને તબક્કાની કસોટીમાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો સંસ્થા ખાતે પ્રવેશને પાત્ર ગણાશે.
- સંસ્થા ખાતે પ્રવેશ મળ્યેથી ઉમેદવારોએ કોઈ ફી ભરવાની રહેતી નથી, માત્ર રિફંડેબલ ડિપોઝીટ પેટે રૂ. ૩૨૦૦/- જમા કરાવવાના રહે છે, જે તાલીમ પૂર્ણ થયેથી પરત મળશે.

******

## -:ઉપયોગી વેબરિસોર્સ/લિંક:-

- સંસ્થા ખાતે ચાલતાં યુપીએસસી સીવીલ સર્વિસીઝના પ્રશિક્ષણ વર્ગ અને પ્રવેશ પરીક્ષા સંબંધિત તમામ માહિતી દર્શાવતું બ્રોશર ડાઉનલોડ કરવાની લિંક: https://spipa.gujarat.gov.in/downloads/upsc-spipa-bro-admi-2020_n.pdf

- સંસ્થા દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં કયા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે ? તેનું માર્ગદર્શન મળી રહે તે હેતુસર અગાઉનાં વર્ષોમાં લેવાયેલ પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રો અને તેની આન્સર કી જોવા/ડાઉનલોડ કરવાની લિંક: https://spipa.gujarat.gov.in/previous-paper-of-civil-services-entrance-exam
- સંસ્થાની યુટ્યુબ ચેનલ પર રાખેલ વિડિયો જોવાની લિંક: https://www.youtube.com/user/spipaahd/videos
- યુપીએસસી પ્રવેશપરીક્ષાનું માળખું, પરીક્ષા પધ્ધતિ, અભ્યાસક્રમ વગેરે જેવી બાબતો દર્શાવતી તેની નોટીફિકેશન ડાઉનલોડ કરવાની લિંક: https://upsc.gov.in/sites/default/files/Final_Notice_CSPE_2019_N.pdf
- યુપીએસસી દ્વારા અગાઉના વર્ષોમાં લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્રો ડાઉનલોડ કરવાની લિંક: https://upsc.gov.in/examinations/previous-question-papers
- યુપીએસસીનું તાલીમ કેલેન્ડર ડાઉનલોડ કરવાની લિંક: https://upsc.gov.in/examinations/exam-calendar

*****Best Wishes*****

**UPSC Study Center**
**SPIPA, Ahmedabad**